ધનસુરા ચાર રસ્તા પર જાહેર શૌચાલય બનાવવા રહીશોની ઉગ્ર માંગ

ધનસુરા, તા. ૨

ધનસુરા તાલુકાના ધનસુરા ચાર રસ્તા પાસે રોજના અસંખ્ય નાના-મોટા વાહનો પસાર થાય છે. તેમજ આ વિસ્તારમાં નાના-મોટા શોપિંગ કોમ્પલેક્ષ અને દુકાનો આવેલી છે. પરંતુ અહી કોઈ પણ જગ્યાએ જાહેર શૌચાલય ન હોવાથી વેપારીઓ અને ગ્રાહકો તેમજ રાહદારી પરેશાન થાય છે. આથી આ ચાર રસ્તા પર જાહેર શૌચાલય ઉભુ કરવામાં આવે તેવી માંગણી રહીશો અને વેપારીઓ કરી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠાના ધનસુરા તાલુકાના ધનસુરા ચાર રસ્તાના આસપાસના વિસ્તારમાં અસંખ્ય વાહનોની અવર-જવર દરરોજ થઈ છે. ઉપરાંત મોટી સંખ્યામાં શોપિંગ કોમ્પલેક્ષો તેમજ દુકાનો પણ મોટા પ્રમાણમાં અહી નજરે પડે છે ત્યારે આ વિસ્તારમાં શૌચક્રીયા માટે એક પણ જાહેર શૌચાલય ન હોવાથી આસપાસના વેપારીઓ અને નાગરિકો દરરોજ ભારે પરેશાન થઈ ગયા છે. તંત્ર પાસે કરોડો રૂપિયાની ગ્રાન્ટ આવે છે તેમ છતાં એક પણ જાહેર શૌચાલય ન બનાવવામાં આવતા રહીશો આ સંદર્ભે રોષે ભરાયા છે અને સત્વરે તંત્ર જાહેર શૌચાલય ઉભુ કરે તેવી માંગણી કરી રહ્યા છે.

ગાડીનો હપ્તો ભરવા દહેજ માંગી પરિણીતા પર ત્રાસ ગુજારનાર સાસરિયા વિરૂદ્ધ ફરિયાદ

ડીસાના કલાપીનગરની ઘટના : પોલીસે ફરિયાદ લઈ કાર્યવાહી હાથ ધરી

ડીસા, તા. ૨

ડીસા શહેરની યુવતીને તેના સાસરિયાઓએ ગાડીનો હપ્તો ભરવા માટે નાણાના માંગણી કરી ઘરેથી કાઢી મુકી માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપતા યુવતિએ શહેર પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ડીસા શહેરના કલાપીનગર વિસ્તારમાં રહેતા કનુભાઈ આચાર્યની દિકરી હંસાબેનના લગ્ન મૂળ વાવ તાલુકાના એટા ગામના અને મહેસાણા તાલુકાના આંબલિયાસણા ખાતે રહેતા નાગજીભાઈ કનુભાઈ જોષીની સાથે થયા હતા. શરૂઆતમાં હંસાબેનને સારી રીતે રાખ્યા બાદ શારિરીક અને માનસિક અત્યાચાર ગુજારવાનું શરૂ કર્યું હતું. થોડા સમય પહેલા પણ આરોપીઓએ હંસાબેન પાસે ગાડીનો હપ્તો ભરવા માટે રૂ. ૩૦,૦૦૦ ની માંગણી કરી માર મારવાનું શરૂ કર્યું હતું અને જો રૂપિયા નહી લાવે તો કેરોસીન છાંટી મારી નાંકવાની ધમકી આપી હતી. આથી હંસાબેને પતિ નાગજીભાઈ ઉર્ફે કનુભાઈ રૂપરામ જોષી, જેવંતીબેન રૂપરામ જોષી, ભરતભાઈ વાલાભાઈ જોષી (રહે. ઊંઝા), ખેમીબેન ભરતભાઈ જોષી વિરૂદ્ધ ડીસા શહેર પોલીસમથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તમામ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

અસહ્ય ગરમીમાં પણ લગ્નસરાની મૌસમ નિખરી

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લામાં ચૈત્ર માસના પ્રારંભથી જ અસહ્ય ગરમી વચ્ચે પણ લગ્નસરાની મૌસમ નિખરી છે. જેમ જેમ જિલ્લામાં ગરમીનો પ્રકોપ વધતો જાય છે તેમ તેમ લગ્ન સમારંભો પણ જોર પકડતા જાય છે.

ઉનાળાની આકમક ગરમીના આગમનની વચ્ચે લગ્નસરાની સિઝન પણ પૂરબહારમાં ખીલી ઉઠી છે. લગ્ન સમારંભોમાં અત્યારે ગરમીના લીધે દિવસના બદલે રાત્રિના સમયે લગ્ન, વરઘોડા, ભોજન સમારંભ, રાખવાનું અનિવાર્ય થયું હોય તેમ લાગી રહ્યું છે. દિવસ દરમિયાન માંડવામાં ઉભું પણ ન રહેવાય તેવી ગરમી પડતી હોય છે. તેના માટે પણ કૂલર, પંખા જેવા આધુનિક યંત્રો ગોઠવવામાં આવતા હોય છે. પરંતુ ગરમીના પ્રકોપના આગળ યંત્રો પણ કામે લાગતા નથી તેથી જ દિવસ દરમિયાન જો કોઈ લગ્ન સમારંભ હોય તો તેમાં માણસોની પાંખી હાજરી જોવા મળતી હોય છે. અને સાંજના સમયે આમાં વધારો થયેલો જોવા મળે છે. આથી જ લગ્ન માટે અત્યારે વિવિધ વિધિઓ તેમજ લગ્નના મુહુર્ત પણ રાત્રિના સમયમાં આવતા હોય તેવું લોકો વધુ પસંદ કરે છે.

વરરાજા પોતાનો વરઘોડાનો સમય પણ રાત્રે ગોઠવવા માંડયા છે. ઉનાળાની ગરમીના કારણે લોકો લગ્નસરામાં તોબા પોકારી ગયા છે અને ગરમીમાં હજુ પણ વધારો થશે તેમ જોતા મુહુર્ત કઢાવવાના બાકી છે તે લોકો રાત્રિના સમયે લગ્ન થાય તેમ ઈચ્છી રહ્યા છે.

ધાનેરાની પરિણીતાના અપમૃત્યુ માટે જવાબદાર લોકો સામે પોલીસની કામગીરીથી મૃતક પરિવારજનો લાચાર

પાલનપુર, તા. ૨

ધાનેરાના પારસનગર સોસાયટીમાં રહેતા પારસગીરીની લાડલી પુત્રીને તેના સાસરીપક્ષના લોકોએ જીવન ટૂંકાવવા મજબૂર કરી મોતના મુખમાં ધકેલી દીધી છે. જે અંગે મૃતકના પિતાએ આગથળા પોલીસમથકમાં પુત્રીના સાસરીયા વિરૂદ્ધ ફરિયાદ આપતા પોલીસે કોઈપણ પ્રકારની કાર્યવાહી ન કરતા મૃતક પુત્રીના પિતા લાચાર સ્થિતિમાં મુકાઈ ગયા છે.

આ બનાવની વિગતો જોતા સમાજમાં આજે પણ પરિણીતા અબળા પર થતા અત્યાચારોએ હદ વટાવી દીધી છે. ત્યારે બનાસકાંઠાના ધાનેરામાં આવેલ પારસનગર સોસાયટીમાં રહેતા પારસગીરીની દીકરીના પતિ, સાસુ, સસરા અને નણંદે જીવન ટૂંકાવવા મજબૂર કરી મોતના મુખમાં ધકેલી દીધી છે. તમામ સાસરીયા પક્ષના સભ્યોએ ભેગા મળી જીવતી સળગાવી દીધી છે. આ ઘટનાને લાંબો સમય થવા છતાંય જઘન્ય દુષ્કૃત્ય હત્યા કરનારાઓ સામે પોલીસ કાર્યવાહી ન કરતા લાચાર પિતા અને મૃતક યુવતિના પિયર પક્ષના પરિવારજનો લાચાર સ્થિતિમાં મુકાઈ ગયા છે. છેવટે બનાસકાંઠા જિલ્લા વડા અશોકકુમાર યાદવ સમક્ષ પરિવારજનોએ રૂબરૂ લેખિત ફરિયાદ આપતા પરિણીતાના અપમૃત્યુના ગુનેગારો સામે આગથળા પોલીસને સત્વરે કડક કાર્યવાહી હાથ ધરવા અનુરોધ કર્યો હતો.

પાલનપુર ખાતે કોંગ્રેસ સેવાદળની બેઠક યોજાઈ

પાલનપુર, તા. ૨

બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સેવાદળ દ્વારા તાજેતરમાં પાલનપુરના સર્કીટહાઉસ ખાતે સંગઠનને મજબુત કરવા માટે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.

સેવાદળની બેઠકના અધ્યક્ષસ્થાને સેવાદળના પ્રદેશ ચેરમેન મંગળસિંહ સોલંકી હાજર રહ્યા હતા અને સંગઠનને મજબુત કરવા તેમજ કાર્યકરોને કામે લાગી જવા જણાવ્યું હતું. આ બેઠકમાં સેવાદળના બાલકૃષ્ણ જીરાલા, પૂર્વ કોંગ્રેસ જિલ્લા પ્રમુખ બહાદૂરસિંહ વાઘેલા, મહિલા પ્રમુખ નયના પઢિયાર, ડામરાજી રાજગોર, હમીર જી. ઠાકોર સહિત મહિલા સંગઠનના પદાધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

હસમુખભાઈ ભટ્ટનો નિવૃત્તિ સમારંભ યોજાયો

ધનસુરા, તા. ૨

સાબરકાંઠા જિલ્લા સહકારી બેંકમાં છેલ્લા ૩૨ વર્ષથી અવિરત ફરજ બજાવતા હસમુખભાઈ (ગોપાલભાઈ) ભટ્ટ વયમર્યાદાના કારણે નિવૃત્ત થતા તેમનો વિદાય સમારંભ યોજાયો હતો.

જિલ્લા સહકારી બેંકમાં સતત ૩૨ વર્ષથી સેવક તરીકે સેવા બજાવી રહેલા હસમુખભાઈ (ગોપાલભાઈ) ભટ્ટ ગત તા. ૩૦ તારીખે વયમર્યાદાના કારણે નિવૃત્ત થતા તેઓનો વિદાય સમારંભ તાજેતરમાં બેંક ખાતે યોજાયો હતો. જેમાં બેંકના મેનેજર અશોકભાઈ સોનેરીએ નિવૃત્ત થઈ રહેલા હસમુખભાઈની પ્રામાણીકતા અને નિષ્ઠાને બિરદાવી શુભેચ્છાઓ પાઠવી હતી. જ્યારે બેંકના સભ્યો અને સભાસદોએ હસમુખભાઈને મોમેન્ટો અને શ્રીફળ આપી સન્માનિત કર્યા હતા.

ડીસામાં ડમ્પરની અડફેટે વૃદ્ધનું ઘટના સ્થળે મોત

ડીસા, તા.૨

ડિસા શહેરના હાઈવે પર ગાયત્રિ મંદિર પાસે ડમ્બર ચાલકે એક રાહદારીને કચડી નાખતા રાજસ્થાનાા એક વૃદ્ધનું ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજયુ હતું. આ અકસ્માત સંદર્ભે મૃતકની પત્નીએ ડિસાના ઉત્તર વિભાગના પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

આ અકસ્માતની પ્રાપ્ત થતી વિગતો મુજબ ડીસા શહેરની મધ્યમાંથી પસાર થતાનેશનલ હાઈવે પર પુર ઝડપે આવીરહેલા ડમ્પરે રસ્તો ઓળંગી રહેલા એક વૃદ્ધને કચડી નાખતા તેનું ઘટના સ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું.

રાજસ્થાનના સાંચોર નજીકના સેવાડા ગામના સકતાભાઈ શંકરભાઈ ઓડ ઉ.વ.૬૦ બિમાર હોવાથી પોતાની વતનથી પત્નિ સાથે સારવાર કરાવવા ડિસાની ભણશાળી હોસ્પિટલમાં આવ્યા હતા. ગુરૂવારે સવારે એક્સ-રે કરાવવા માટે હાઈવે વિસ્તારમાં આવ્યા હતા. અને ગાયત્રી મંદિર પાસે રસ્તો ઓળંગી રહ્યા હતા તે સમયે બ્બનાસપુલ તરફથી પુર ઝડપે આવી રહેલા ડમ્પરની અડફેટમાં આવતા બીમાર વૃદ્ધ ઉપર ડમ્બરના તોતીંગ ટાયર ફરી વળતાં કચડાઈ ગયા હતા અને ઘટના સ્થળે જ તેમનું મોત થયું હતુ. અકસ્માત થતાં ઘટના સ્થળે ટોળા એકઠા થઈ ગયા હતા. આ ઘટના સંદર્ભે મૃતક સકતાભાઈ ઓડની પત્નીએ ડીસાના ઉત્તર વિભાગના પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

ખાટકી ગામેથી સાબરકાંઠા એલસીબી પોલીસે વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો

કુલ ૩૦ લાખથી વધુના મુદ્દામાલ સાથે એકની અટકાયત

હિંમતનગર, તા. ૨

રાજસ્થાનથી ગુજરાતમાં ટાટા આયશર ટ્રકમાં મોટો વિદેશી દારૂનો જથ્થો લવાઈ રહ્યો છે. તેવી બાતમીના આધારે હિંમતનગર એલ.સી.બી. પોલીસે ખારી ગામ પાસેથી વિદેશી દારૂનો જથ્થો સહિત અન્ય મુદ્દામાલ મળી કુલ ૩૦ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરી એકની અટકાયત કરી હતી.

સાબરકાંઠાના ખારી ગામ પાસેના માર્ગ પરથી રાજસ્થાનથી ગુજરાત તરફ આવતી ટાટા આયશર ગાડી નં. આર.જે. ૧૯-જી.સી.-૯૬૬૬માં વિદેશી દારૂનો જથ્થો આવી રહ્યો છે. જે બાતમીના આધારે કલ્યાણસિંહ, નરેન્દ્રસિંહ, કિશનસિંહ વગેરેની ટીમે પી.આઈ. ડી.પી. ચુડાસમાની સૂચનાના આધારે વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમી વાળી ટ્રક આવતા ટ્રક રોકી અંદર ભરેલ મુદ્દામાલ ચેક કરતા વિદેશી દારૂ તથા બિયરની બોટલ કુલ નંગ ૮૨૩૦ કિ.રૂ. ૨૧,૮૮,૨૦૦ તથા રોકડ રકમ રૂ. ૨,૦૦૦, રસ્સી નંગ-૧ કિ. રૂ. ૧૦૦૦, મોબાઈલ ૧ કિ.રૂ. ૫૦૦ તેમજ ટ્રક કિ. રૂ. ૯,૦૦,૦૦૦ વિગેરે મળી કુલ કિ. રૂ. ૩૦,૯૧,૭૦૦નો મુદ્દામાલ કબજે કરી આરોપી સુરેશભાઈ પ્યારેલાલજી ખટીક રહે. સીકાવડા, તાલુકો ડુંગલા રાજસ્થાનની અટકાયત કરી હતી. તેની વિરૂદ્ધમાં શામળાજી પોલીસમથકમાં ફરિયાદ નોંધાવતા શામળાજી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ વિભાગમાં નોકરી અપાવવાની લાલચ આપતા શખ્સની ધરપકડ

નકલી ક્રાઈમબ્રાંચનો પીએસઆઈ બનીને ગુજરાત પોલીસમાં પીઆઈ, પીએસઆઈ તેમજ ડીવાયએસપી બનવાની લાલચ આપી લાખોની છેતરપીંડી કરનાર એક શખ્સની શહેર ક્રાઈમબ્રાંચે ધરપકડ કરી. પોલીસે આરોપી પાસેથી ૮ જેટલા સરકારી નકલી દસ્તાવેજો, ૨૫ જેટલા નકલી સરકારી રબર સ્ટેમ્પ, ૧ હથકડી તેમજ ૧ એરગન જપ્ત કરી છે. આરોપી લોકોને પોતે ક્રાઈમબ્રાંચમાં પીએસઆઈ હોવાની ઓળખાણ હોવાનું જણાવીને પોલીસમાં ભરતી કરાવી દેવાનું જણાવતો અને લાખો રૂપિયા લઈ લેતો હતો. આરોપીએ લોકોને એપોઈન્ટ મેન્ટ લેટર્સ આપ્યા બાદ નોકરી માટે હાજર થવાનાં લેટર મળશે તેવી રીતે આયોજન પુર્વક કાવતરુ રચી લોકોને વિશ્વાસમાં લેતો હતો. આરોપી દલજીતે પોતાની પ્રેમિકાના ઘરમાં મદદરૂપ બનવા માટે તેમજ પોતાના મોજશોખ પુરા કરવા માટે આ રીતે પૈસા કમાવવાનું કાવતરુ રચ્યું હતું. શહેરના ચાંદખેડા વિસ્તારમાં રહેતા જલદીપ પંકજભાઈ મુધવાની મુલાકાત દલજીતસિંગ ભમરા (ઉ.૪૪, રહે. જાનતાનગર, ચાંદખેડા) સાથે આજથી ૧ વર્ષ અગાઉ થઈ હતી દલજીત સિંગે પોતે ક્રાઈમબ્રાંચમાં પીએસઆઈ હોવાનું તેમજ આઈજી ઓફિસ મેઘાણીનગરમાં રાયટર કમ રીડર હોવાનું જણાવ્યું હતું. દલજીતસિંગે જલદીપને ગુજરાત પોલીસમાં પોતાની મોટી વગ હોવાનું જણાવી તેને પીએસઆઈ તરીકે ડાયરેક્ટ ભરતી કરાવી દઈશ તેમ જણાવ્યું હતું.

સમૂહલગ્ન સમાજના સમૂહને નજીક લાવવાનો ઉત્સવ છે

મહેસાણા, તા. ૨

મહેસાણા શહેરના પાર્ટી પ્લોટ ખાતે શ્રી પાટણવાડા પરગણા પ્રગતિ નાયી સમાજ દ્વારા દશમા સમુહ લગ્નનું આયોજન કરેલ હતું. આ મહોત્સવમાં ૩૪ નવદંપતિઓએ પ્રભુતાના પગલાં માંડ્યા હતા. આ પ્રસંગે નવદંપતિઓને આશિર્વાદ આપવા માટે નાણા અને આરોગ્ય મંત્રીશ્રી નિતીનભાઈ પટેલ, ગૃહ રાજ્યમંત્રીશ્રી રજનીકાન્ત પટેલ, નગરપાલિકા પ્રમુખશ્રી ચંદ્રિકાબેન પટેલ હાજર રહ્યા હતા.

આ પ્રસંગે નાણા અને આરોગ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે નાયી સમાજ દરેક સમાજ સાથે હળીમળી જાય છે. વિવિધ સમાજના સારા નરસા પ્રસંગોમાં નાયી સમાજની ખાસ જરૂરીયાત ઉભી થાય છે. આ સમાજે મહેનતનું, પ્રમાણિકતા અને વિશ્વસનીયતા કેળવી છે. તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે મુખ્યમંત્રીશ્રીનું સ્વપ્ન રહ્યું છે કે દરેક સમાજની ઓળખ બને. રાજ્ય સરકાર દ્વારા ચાલતી બક્ષીપંચની વિવિધ યોજનાઓનો લાભ લેવા માટે અપીલ કરી હતી. આ પ્રસંગે મંત્રીશ્રીએ તેમજ પાલિકા પ્રમુખશ્રીએ દાન આપ્યું હતું.

આ મહોત્સવમાં પધારેલ ગૃહ રાજ્ય મંત્રીશ્રી રજનીકાન્ત પટેલે જણાવ્યું હતું કે મુખ્યમંત્રીશ્રીએ સૌનો સાથ સૌનો વિકાસનું જે પ્રેરણાદાયક સુત્ર આપ્યું છે જે નાયી સમાજે આ ૧૦ મા સમુહ લગ્ન કરી સમાજનાં નવી પ્રેરણા આપી છે. સમુહ લગ્નથી સમાજના પ્રત્યેક વ્યક્તિને લાભ થાય છે તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખશ્રી ચંદ્રિકાબેન પટેલે, પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા રમેશભાઈ શર્મા, મનસુખભાઈ નાયી, ધનસુખભાઈ નાયી, સત્યપ્રકાશ નાયી, કનુભાઈ શર્મા, સમાજના અગ્રણીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

પાલનપુરમાં દેશી દારૂના અડ્ડાઓ પર પોલીસનો સપાટો

પાલનપુર, તા. ૨

પાલનપુર શહેરના અનેક વિસ્તારામાં દેશી-વિદેશી શરાબની હાટડીઓ અને બનાસકાંઠાના જુદા જુદા તાલુકાના નિયત ગામોમાંથી વિદેશી શરાબની પેટીઓના કટીંગ અગેના અહેવાલો પ્રસિદ્ધ થતા જિલ્લા પોલીસવડાની સૂચનાથી એલસીબી પોલીસે પાલનપુરના દેશી દારૂના પીઠાઓ પર એક સાથે દરોડો પાડી ૧૪ બુટલેગરોને દેશી દારૂના જથ્થા સાથે ઝડપી પાડ્યા હતા.

(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

શહેરના જામપુરા, થેજારાપુરા, તાજપુરા, અલીગંજ ટેકરા દિલ્હીગેટ, ઠાકોરવાસ, જનતાનગર, હરિજન કોલોની સહિતના જુદા જુદા વિસ્તારમાં ધમધમાટ દેશી દારૂના અડ્ડાઓ પર જિલ્લા પોલીસવડા અશોક યાદવનીસૂચનાથી એલસીબી પોલીસે અલગ અલગ ટીમની રચના કરી શહેરના બળવંતજી ઠાકોર, વિમુબેન ઠાકોર, દિવાબેન ઠાકોર, જગદીશ પરમાર, નાથુ હંસાભાઈ કુવારીયા, ઈશ્વરજી ઠાકોર, બાબુજી ઠાકોર, લાલજી માજીરાણા, મખ્ખન બાવરી, પોપટજી ઠાકોર, નરેન્દ્ર સિન્ધી, કમુબેન ઠાકોર, ગીતાબેન ઠાકોર, હંસાબેન ઠાકોર સહિતના ૧૪ દેશી દારૂનો ધંધો કરતા બુટલેગરોની અટકાયત કરી તમામ વિરૂદ્ધ પ્રોહીબીશન હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

કંપની સમાચાર

ઈન્ટેક સિસ્ટમ્સ દ્વારા અમેરિકન કંપની ધ હેલ્ડન ગ્રુપ સાથેનાં સંયુક્ત સાહસ એમર્ડીયનની કામગીરીનો પ્રારંભ

ગુજરાત સ્થિત મોખરાની સોફ્ટવેર કન્સલ્ટીંગ, ઈમ્પલીમેન્ટેશન્શન અને મેનેજમેન્ટ કંપની ઈન્ટેક સિસ્ટમ્સ દ્વારા નોર્થ અમેરિકન માર્કેટ ERP ડેવલપમેન્ટ સર્વિસીસ પુરી પાડવાના ઉદ્દેશ્યથી તેમની અમેરિકન કંપની, ધ હેલ્ડન ગ્રુપ સાથેના સંયુક્ત સાહસ એમર્ડીયનની કામગીરી શરૂ કર્યાની જાહેરાત કરી છે. બજારમાં ગતિશિલતાના અંદાજ અને વિસ્તૃત પ્રોડક્ટ પોર્ટફોલિયોને કારણે ઈન્ટેક સિસ્ટમ, એન્ટરપ્રાઈઝ રિસોર્સ પ્લાનીંગ સોલ્યુશન્સ માટે માઈક્રોસોફ્ટનું ગોલ્ડ એક્રિડીશન હાંસલ કરનાર ગુજરાતની એકમાત્ર કંપની બની છે. ઈન્ટેક સિસ્ટમ્સ મેન્યુફેક્ચરીંગ સેકટર્સને સોલ્યુશન્સ પુરાં પાડવામાં મોખરે છે અને હવે મોબાઈલ ઈઆરપી સોલ્યુશન્સ ક્ષેત્રે પણ પ્રવેશ કર્યો છે.

માઈક્રોસોફ્ટ ડાયનેમિક્સ, એનએવી એએક્સ અને શેરપોઈન્ટને ઈઆરપી સોલ્યુશન્સ પુરાં પાડવામાં અગ્રણી ઈન્ટેકનો ગ્રાહક સમુદાય વિવિધ કેટેગરીઝને આવરી લે છે. રેગ્યુલર સર્વિસીસ ઉપરાંત સંસ્થાઓની ઉત્પાદકતા સુધારવામાં સહાયક બનવા માટે ઈન્ટેક ડાયનેમિક સ્યુટ સાથે ઘનિષ્ઠ રીતે જોડાયેલાં વિવિધ પૂરક બિઝનેશ સોલ્યુશન્સ પુરા પાડે છે.

માઈક્રોસોફ્ટ ડાયનેમિક ઈઆરપીના ડિરેક્ટર અને બિઝનેશ હેડ શ્રી સમિક રોય જણાવે છે કે 'માઈક્રોસોફ્ટ, સ્ટાફ ટેકનિકલ અને સેલ્સ ક્વોલિફિકેશન, સતત વૃદ્ધિ અને કસ્ટમર સર્વિસના ખામી વગરનાં રેકર્ડનું મૂલ્યાંકન ગોલ્ડ કોમ્પીટન્સીનું પ્રદાન કરે છે.'